<u>રેગ્યુલર દિવાની દરખાસ્ત નં.૫૬/૨૦૨૬</u>

## <u>આંક–૧ લગત હુકમ</u>

---

(૧) આ કામના હુકમનામાં લેણદાર દવારા હાલની દરખાસ્ત દાખલ કરતા હુકમનામા દેણદારને તેની નોટીસ કરવામાં આવેલ હતી જે નોટીસ હુકમનામા દેણદાર **મળી ન આવતા હોવાના** શેરા સાથે વગર બજે પરત ફરેલ છે ત્યારબાદ થી હુકમનામા લેણદાર ધ્વારા નવુ કોઈ સરનામુ રજુ કરેલ નથી, હુકમનામા દેણદારને નોટીસની બજવણી નહી થવા છતા હુકમનામા લેણદાર તરફે હાજર રહીને હાલની દરખાસ્ત અંગેની આગળની કોઈ કાર્યવાહી કરવા માટે પ્રયત્ન કરેલ નથી જેના કારણોસર હાલની દરખાસ્ત **૬ માસ** કરતા વધારે લાંબા સમયથી પેન્ડીગ રહેલ છે.

(૨) વધુમાં આવી દરખાસ્તના કેસ અંગે હાલમાંજ નામદાર સુપ્રિમકોર્ટ દવારા **Civil Appeal No-3640 To 3642 Of 2025 Periyannalsdeaddthrough L.R.S And Ors.V/S.V.Rajamuni And Anr.**ના ચુકાદામાં નીચેની અદાલતોને દરખાસ્ત **૬ માસ**માં નિકાલ કરવા માટે ડાયરેકશન આપેલ છે,તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા પણ **Circular No.2913 Of 2025 Dt.01/04/2025** થી નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાનું ચુસ્તપણે પાલન કરવા માટે સુચરનાઓ આપેલ છે.

(૩) આમ ઉપરોકત સંજોગો ધ્યાને લેતાં હુકમનામાં લેણદારની ગેરહાજરીને તથા દરખાસ્ત પરત્વેની ઉદાસીનતા બેદરકારી અને કસુરના કારણે સદરહું દરખાસ્તની કાર્યવાહી આગળ ચાલી શકે તેમ નથી તેમજ દરખાસ્તની કાર્યવાહી ચલાવવામાં હુકમનામાં લેણદારને કોઈ રસ હોય તેવું પણ જણાઈ આવતું નથી જેથી દિવાની કાર્યરીતિ સંહિતા–૧૯૦૮ ના હુકમ:૨૧,નિયમ:૧૦૫(૨)ની જોગવાઈ ધ્યાને લેતાં આજરોજ દરખાસ્ત લગત આગળની કાર્યવાહી માટે નિયુકત કરેલ હોવા છતાં હુકમનામાં લેણદાર દવારા દરખાસ્તની આગળની કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાથી અદાલત આવી દરખાસ્ત ડીસમીસ કરી શકે છે,હાલના કેસમાં પણ  હુકમનામાં લેણદારની ગેરહાજરી તથા કસુરના કારણે સદરહું દરખાસ્તની કાર્યવાહી આગળ થઈ શકેલ ના હોય તેમજ આ કામના હુકમનામા લેણદાર વિજકં પની હોવા છતા દરખાસ્ત અંગેની કાર્યવાહી નહી કરવાના કારણોસર આ અદાલતમાં ખુબજ મોટા પ્ર માણમાં આવી દરખાસ્તો **૬ માસ** કરતા વધારે સમયથી પેન્ડીગ રહેલ છે જે તમામ કારણો ધ્યનમાં લ ેતા આ કામના હુકમનામાં લેણદારને દરખાસ્તની આગળની કાર્યવાહી માટે વધુ સમય કે તક આપવા

માટે કાયદેસરનું વ્યાજબી કારણ પણ જણાય આવતું ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના હુકમનામાં લેણદારની હાલની દરખાસ્ત દિવાની કાર્યરીતિ સંહિતા-૧૯૦૮ ના હુકમ.૨૧, નિયમ.૧૦૫(૨)ની જોગવાઈ ધ્યાને લઈ હુકમનામાં લેણદારની ગેરહાજરી તેમજ આગળની કાર્યવાહી ન કરવાની કસુરના કારણોસર **રદ(ડીસમીસ)** કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) ખર્ચે અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:ગઢડા(સ્વા.)**
**તા.૦૪/૦૫/૨૦૨૬**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ,ગઢડા**
**જજ કોડ નં.જી.જે.૦૧૪૫૯**